## કાલપુર ખાતે ઘરફોડ ચોરી કરનાર ૩ શખ્સો ઝડપાયા

અમદાવાદ, તા.૧૩

શહેરના કાલુપુર વિસ્તારની દુકાનોમાં ઘરફોડ ચોરી કરતા ત્રણ શખ્સોને કાલુપુર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ૨૫ રૂપીયા રોકડા, નવ જીન્સ પેન્ટ અને બે મોબાઈલ કબ્જે કર્યા છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે કાલુપુર પોલીસ મથક ડિસ્ટાફના પો.કો. ધીરજભાઈ લક્ષ્મણભાઈને બાતમી મળી હતી કે ઘરફોડ ચોરી કરતા ત્રણ શખ્સો કાલુપુર વિસ્તારમાંથી પસાર થવાના છે. બાતમીના આધારે ડિસ્ટાફની ટીમે ફેઝલ ઉર્ફે બિલ્લી જલીલ અહેમદ શેખ, જુનૈદ ઉર્ફે ડોન અબ્દુલ હમીદ અંસારી અને ઈમરાન અબ્દુલ મુનાફ અંસારીને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી ૨૫ હજાર રોકડા, બે મોબાઈલ, વગેરે મળી ૩૪,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# પ્રેમ પ્રકરણે ઓરણના સરપંચનો જીવ લીધો

હિંમતનગર, તા. ૧૩

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ નજીક આવેલા ઓરાણ ગામે ગામના યુવાન સરપંચને ગામની એક વિધવા સાથે આડા સંબંધ હોવાનું જાહેર થતાં શનિવારે રાત્રે પ્રેમિકાના ઘરે ગયેલા પ્રેમી પર ઘરના સભ્યોએ ઘાતક હુમલો કરી તેનું મોત નિપજાવ્યું હતું. હુમલા દરમિયાન થયેલી ઝપાઝપીમાં નવ જણાને ઈજા પહોંચી હતી. જે પૈકી છ ને ગાંધીનગર અને ત્રણ જણાને હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સરપંચનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં પ્રાંતિજ પોલીસે ગામમાં સપ્ન બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ઉપરાંત બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ઓરાણ ગામના સરપંચ તરીકે સેવા આપતા હર્ષદભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ.૪૨)ને ગામમાં રહેતી મીનાબેન સુરેશભાઈ પટેલ નામની મહિલા સાથે પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. દરમિયાન મીનાબેનના પતિનું અવસાન થતાં તેણી વિધવા બની હતી. ત્યારબાદ કર્મ સંજોગે મીનાબેન અને હર્ષદભાઈને મનમેળ વધુ સુદ્રઢ બની ગયો હતો. જેથી લોકોના કહેવા મુજબ હર્ષદભાઈએ મીનાબેન સાથે લગ્ન પણ કરી લીધા હતા. ત્યારબાદ હર્ષદભાઈ અવાર-નવાર મીનાબેનના ઘરે જતા હતા. બીજી તરફ મીનાબેનને પણ મહેશ અને ખુશ્બુ નામે પુત્રી હતી. દરમિયાન શનિવારે રાત્રે હર્ષદભાઈ મીનાબેનના ઘરે ગયા હતા. તે સમયે અરૂણાબેન ધનજીભાઈ પટેલ, મહેશભાઈ સુરેશભાઈ પટેલ, પ્રવિણ ઉર્ફે પીપુડી, પ્રિયંકા અને અરૂણાબેનના પુત્ર ધર્મેશભાઈએ હર્ષદભાઈનો ઉઘડો લીધો હતો. જેથી ગુસ્સે ભરાઈને હર્ષદભાઈ પાછા જતા રહ્યા હતા. ત્યારબાદ તેમની સાથે અન્ય ત્રણેક જણાને લઈને ફરી પાછા મીનાબેનના ઘરે આવ્યા હતા. દરમિયાન આ સમયે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તે જ વખતે ઉશ્કેરાયેલા જીગર ધનજીભાઈ પટેલે લોખંડની ટોમી લઈ હર્ષદભાઈના માથામાં ફટકારી દીધી હતી. તેથી તેઓ ઢળી પડ્યા હતા. ઉપરાંત આ ઝપાઝપીમાં નવ જણાને ઈજા થઈ હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તો પૈકી ત્રણ જણાને હિંતમનગરની ખાનગી હોસ્પિટલમાં તથા છ ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં લઈ જવાયા હતા. જો કે ગંભીર રીતે ઘવાયેલા યુવા સરપંચ હર્ષદભાઈ પટેલનું સારવાર દરમિયાન શનિવારે રાત્રે કરૂણ મોત નિપજ્યું હતું. સરપંચ હર્ષદભાઈ પટેલ પર લોખંડનીટોમી સાથે ઉશ્કેરાયેલા જીગર ધનજીભાઈ પટેલે ઘાતક હૂમલો કર્યા બાદ તે ઘટના સ્થળેથી પલાયન થઈ ગયો હતો. જેથી પોલીસે તેની વિરૂદ્ધ ગુનો નોંધી તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. બનાવ અંગે પ્રાંતિજ પોલીસને ખબર પડતા પી.આઈ. કહાર તથા સ્ટાફે ઓરાણ ગામે જઈ સપ્ન પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ત્યારબાદ પ્રાંતિજ પોપીસે કાળુસિંગ બાબુસિંગ ખાંટની ફરિયાદને આધારે છ જણા વિરૂદ્ધ ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

## મારામારી થતાં નવને ઈજા : ઈજાગ્રસ્તોને ગાંધીનગર તથા હિંમતનગર ખસેડાયા

ઈજાગ્રસ્તમાં ઘવાયેલાઓમાં હિંમતનગરમાં દાખલ કરાયેલ કાળુસિંહ બાબુસિંહ ખાંટ, મથુરસિંહ દોલતસિંહ ઠાકોર, અને ગાંધીનગર સિવિલમાં ઈજાગ્રસ્તોમાં મીનાબેન સુરેશભાઈ પટેલ, મહેશ સુરેશ પટેલ, અરૂણા ધનજીભાઈ પટેલ, પ્રવીણ ઉર્ફે પીપુડી, પ્રિયંકા ઉર્ફે ખુશ્બુ, ધર્મેશ ધનજીભાઈ પટેલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

## જ્વેલર્સની દુકાનમાંથી તસ્કરોએ કરેલી ૭ કિલો ચાંદીની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૩

ઊંઝા શહેરમાં ધોળા દિવસે બે સોસાયટીઓના ત્રણ બંધ મકાનોના તાળા તોડી ચોરીના નિષ્ફળ બનાવો બન્યા છે ત્યાં તો ગઈ રાત્રે શહેરના પૂનમ કોમ્પ્લેક્ષમાં આવેલ એક જ્વેલર્સની દુકાનમાંથી કોઈ તસ્કરો રૂપિયા ત્રણ લાખ ઉપરાંતની કિંમતની મત્તાની સાત કિલો ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી ફરાર થઈ જતા શહેરીજનો ભારે ચિંતાતૂર બન્યા છે.

આ ઘટનાની વિગતો એવી છે કે ઊંઝા ખાતે માધવ બંગલોમાં રહેતા દિનેશભાઈ નારણભાઈ પટેલ શહેરની મધ્યમાં મેઈન રોડ ઉપર આવેલ પૂનમ કોમ્પલેક્ષમાં સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવે છે. ગત રાત્રિએ આ દુકાન પર તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ દુકાનના તાળા તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સાત કિલો વજનના ચાંદીના જુદા જુદા દાગીનાઓની ચોરી કરી ક્યાંક ફરાર થઈ ગયા હતા. ચોરાયેલ દાગીનાઓની કિંમત અંદાજે ત્રણ લાખ રૂપિયા જેટલી થવા જાય છે. આ બનાવ અંગે પોલીસે એફ.એસ.એલ. અને ડોગ સ્કવોર્ડની મદદથી ચોરીના ગુનાની તપાસ હાથ ધરી છે.

## મહેસાણાની વીરનગર સોસાયટીમાંથી તસ્કરોએ ૮ લાખની કરેલી ચોરી

મહેસાણા, તા. ૧૩

મહેસાણા ખાતે આવેલ વીરનગર સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ધોળા દિવસે સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ આઠ લાખ દસ હજારની કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતા શહેરીજનોમાં ભયની લાગણી ફેલાઈ છે.

મહેસાણા ખાતે એસ.ટી. વર્કશોપ રોડ પર આવેલ વીરનગર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ રમણલાલ શાહ અને તેમના પરિવારજનો સામાજીક કામે બહાર ગયા હતા ત્યારે તેઓના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મેઈન દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર કબાટમાંથી સોના-ચાંદીના દાગીનાઓ તેમજ ચાંદીના સિક્કાઓ અને એક લાખ દસ હજાર રોકડ રકમ મળી કુલ આઠ લાખ દશ હજારની કિંમતની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આથી ભેદ ઉકેલવા અને દિનપ્રતિદિન વધી રહેલા મિલ્કત સંબંધી ગુનાઓને ડામવા પોલીસ તંત્ર નિષ્ફળ નિવડતા રહીશોએ પોલીસતંત્ર વિરૂદ્ધ ભારે રોષની લાગણી વ્યક્ત કરી હતી. પોલીસ આ મામલે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બનાસ ડેરી દ્વારા મતાધિકાર રદ કરવાને મામલે દૂધ ઉત્પાદકો આક્રમક મૂડમાં

પાલનપુર, તા.૧૩

તાજેતરમાં બનાસડેરી દ્વારા રાધનપુર અને સાંતલપુર તાલુકાઓ ડેરીના સંચાલક મંડળમાં પ્રતિનિધિત્વ નહીં કરી શકે તેવા કરેલા નિર્ણય સામે આ બંને તાલુકાઓના પશુપાલકો અને દૂધ ઉત્પાદકોએ આક્રમક મુડમાં આ નિર્ણય સામે લડી લેવાનો નિર્ણય કર્યો હોવાનું અને બનાસ ડેરી દ્વારા આ મુદ્દે પુનઃ સમાવેશ નહીં કરવામાં આવે તો પશુઓ સાથે ડેરી તરફ કૂચ કરીને બનાસડેરીમાં ધામા નાખવાનો નિર્ણય કર્યો છે.

બનાસડેરી દ્વારા બંને તાલુકાઓનું દૂધ લેવામાં આવશે. પરંતુ બોર્ડમાં મતાધિકારથી વંચિત રાખવાના મુદ્દે રાધનપુર શીત કેન્દ્ર ખાતે ડેરીના આ વિભાગના ટ્રેકટર અને ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં દૂધ ઉત્પાદકો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ચેરમેનો, મંત્રીઓ, કારોબારી સભ્યોની મહાસભા મળી હતી. જેમાં ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા દૂધ ઉત્પાદકોને થઈ રહેલા અન્યાય સામે લડી લેવાનો હુંકાર ભણીને આ બંને તાલુકાઓને જો ડેરીના બોર્ડમાં સમાવવાનો પુનઃ નિર્ણય લેવામાં નહીં આવે તો દૂધ ઉત્પાદકો પોતાના પશુઓ સાથે બનાસડેરી તરફ કૂચ કરીને ડેરીમાં ધામા નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને તાલુકાઓને નજીકમાં સ્પર્શતી એવી મહેસાણા, કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાની ડેરીએ પોતાના કાર્યક્ષેત્રમાં સમાવવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું હોવા છતાં બનાસડેરીના વિકાસમાં આ બંને તાલુકાઓનું યોગદાન શરૂઆતથી જ રહ્યું હોવાને કારણે અને દરેક તાલુકાઓનો હકક બનતો હોઈ ચેરમેનના મનસ્વી નિર્ણય સામે હક્ક માટે લડી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાધનપુર-સાંતલપુર તાલુકાઓના દૂધ ઉત્પાદકોના આવા આક્રમક વલણ સામે હવે બનાસડેરી શું નિર્ણય લે છે તેની ઉપર સમગ્ર ઉત્તર ગુજરાતના દૂધ ઉત્પાદકો અને સહકારી જગતની મીટ મંડાઈ છે.



મોટેરા પાસે આવેલા કોટેશ્વર મહાદેવમાં બજરંગ દળ પ્રશિક્ષા વર્ગનુ ઉદ્‌ઘાટન કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવીણ તોગડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા તાલુકામાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અધિકારીઓએ આચરેલી ગેરરીતિની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૧૩

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના ગાળામાં વાસણ ખરીદી, અનાજ, ખાદ્ય તેલ સહિત કેટલીક ચીજવસ્તુઓની ખરીદીમાં મોટા પાયે અધિકારીઓએ ગેરરીતિ આચરી હોવાની ચર્ચાએ ભારે જોર પકડયું છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મામાં ચાલી રહેલી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨માં કેટલાક અધિકારીઓ મારફતે મધ્યાહન ભોજન રસોડામાં વપરાતા વાસણો તથા ખાદ્યચીજોમાં મોટા પાયે ગેર રીતિ આચરી પોતાના ખિસ્સાઓ ભરી નાખ્યા હોવાની ચર્ચા થઈ રહી છે ત્યારે ગત ૨૮ એપ્રિલ ૨૦૧૨ થી પરીક્ષાઓ પૂર્ણ થઈ જતા મધ્યાહન ભોજન પણ આપવાનું શાળામાં બંધ કરવામાં આવ્યું હતુ તેમ છતાં પણ તા. ૫-૫-૨૦૧૨ સુધીના બીલો ઓફિસે મુકવામાં આવ્યા છે. અને મધ્યાહન ભોજનમાં આપેલ વાસણો અનો માલસામાન જે સારી ગુણવત્તાના છે તેને દૂર કરી તેનો દૂર ઉપયોગ કરી નાના બાળકોના ભવિષ્ય સાથે અધિકારીઓ ચેડા કરે તેમ ચર્ચાઈ રહ્યું છે. આથી આ મામલે યોગ્ય તપાસ થાય અને ગેરરીતિ આચરનારા અધિકારીઓ સામે પગલાં લેવાય તેમ રહીશો ઈચ્છી રહ્યાં છે.

# કુપોષણ સામેની લડાઈમાં યોગદાન આપવા મુખ્યમંત્રીનો અનુરોધ

### *શિક્ષણને પ્રગતિનો આધાર બનાવીને સમાજ વિકાસની હરણફાળ ભરે તે જરૂરી : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો મત*

અમદાવાદ, તા.૧૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સંપન્ન સમાજ સંગઠનોને ગરીબ પરિવારોના બાળકોની આંગણવાડી દત્તક લઈને કુપોષણ સામેની લાડઈમાં યોગદાન આપવા પ્રેરક સૂચન કર્યું છે. રાજ્યના સત્યને રૂંધવા માટેના અને રાજ્યના સત્વને બદનામ કરવાના અનેક પ્રયાસો ચાલી રહ્યા છે ફણ વિકાસનો માર્ગ જત્યોનથી તેમ તેમણે જણાવ્યું હતું. અમદાવાદમાં બાજખેડાવાળ અને સમાજ કેળવણી અને સંસ્કૃતિ મંડળના ષષ્ઠીપૂર્તિ પર્વનું સમાપન આજે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. મુખ્યમંત્રીએ ગુજરાતના વિકાસને દેશ અને દુનિયા અનુભૂતિ કરે છે ત્યારે કેટલાકને વિકાસ દેખાતો નથી, તેમના જૂઠાણની દવા પણ જનતા જનાર્દન જ કરશે, તેમ જણાવ્યું હતું. શિક્ષણને આધારરૂપ સમાજ જીવનનું અંગ બનાવીને સમાજ કઈ રીતે પ્રગતિ કરી શકે તેનું બાજ ખેડાવાળા સમાજે ઉમદા દ્રષ્ટાંત પૂરુ પાડ્યું છે, એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. આપણી સમાજ રચનામાં લોકાશાહીનું તત્વ છે અને તેનાથી પૂરક અને પોષક પ્રગતિ થાય છે. આ સમાજશક્તિની તાકાત છે અને વિકૃતિ આવે તો પણ તેમાંથી સુધારાત્મક માર્ગ નીકળે છે એમ તેમણે જણાવ્યું હતું.મુખ્યમંત્રીએ સાધન સંપન્ન પરિવારોમાં હેલ્થ કોન્સીયસ અને બ્યુટી કોન્સીયસ નવી પેઢીમાં કુપોષણ જોવા મળે છે તેની સાથે સમાજ જાગૃતિ ઉભી કરવા અને સ્વસ્થ સમાજની દિશામાં આપવા અનુરોધ કર્યો હતો. અનેક વિરોધ અને અસહકારના વાતાવરણ વચ્ચે પણ આ સરકારે ગુજરાતના વિકાસનો માર્ગ છોડ્યો નથી, એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ગુજરાતમાં વિકાસની તકો અગાઉ પણ હતી પણ કોઈને સુઝ્યું નહોતું એનો ઉલ્લેખ કરી મોદીએ જણાવ્યું કે, કચ્છનું રણ, માંડવીનો દરિયો, ગીરના સિંહ, સોમનાથ, દ્વારકા બધુ જ પહેલાં હતું પરંતુ તેમને દેખાયુ નહતું, અમને દેખાયું અને આજે ગુજરાત પ્રવાસન ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે. મોટી હરણફાળ ભરીને ગુજરાત પ્રગતિ કરશે. ગુજરાતે કૃષિ ક્ષેત્રે ૧૧ ટકાનો વિકાસ કર્યા છતાં એ કોઈને દેખાતું નથી એમ પણતેમણે જણાવ્યું હતું અને ઉમેર્યું કે ગુજરાતની ઉર્વરા ભૂમિમાં વિકાસની અખૂટ ઊર્જા છે. સંસ્થાના પ્રમુખ કમલેશ ભટ્ટે જણાવ્યું હતું કે, સંસ્થાને ૬૦ વર્ષની ઉજવણી ઉપલક્ષ્યમાં મહિલાઓ-બાળકો અને સમાજ સેવાને કેન્દ્રમાં રાખી કાર્યક્રમો કર્યા છે. સંસ્થા વતી મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં રૂપિયા ૧.૬૦ લાખના ચેક અર્પણ કરાયા હતા. મુખ્યમંત્રીએ સોવેનિયરનું વિમોચન કર્યુ હતું.



## માણસા નગરપાલિકાતંત્ર દ્વારા પુસ્તક મેળો યોજાયો

માણસા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં નગરપાલિકા તંત્ર દ્વારા સૌપ્રથમવાર તાલુકામાં ત્રિદિવસીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમી જનતાએ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી.

માણસા શહેરમાં સૌપ્રથમવાર નગરપાલિકાતંત્ર તરફથી આયોજીત આ પુસ્તકમેળાને નગરપાલિકાના પ્રમુખ દિનેશભાઈ પટેલે ઉદ્‌ઘાટન સમારંભ યોજી ખુલ્લો મુક્યો હતો. જેમાં સહજાનંદ રૂલર ડેવલપમેન્ટ ટ્રસ્ટ ભૂજના સહયોગથી આ પુસ્તકો ઉપર ૪૦ થી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપી વાર્તા, કવિતા, ડિકક્ષનરી, બાળ સાહિત્ય સહિત જીવન ઉપયોગી પુસ્તકો ખરીદી લોકોમાં વાંચન દ્વારા જાગૃતિ આવે તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય સાહિત્ય પરિષદના પ્રમુખ અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા ભોળાભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તથા પૂર્વ નગરપાલિકા પ્રમુખ અનિલ પટેલ, સુભાષ પટેલ, રાજેન્દ્રસિંહ સહિત કોર્પોરેટરો અને પ્રજાજનો હાજર રહ્યા હતા.

## ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીમાં ફરી વખત ઘટાડો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર, અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાદળ છાયુ વાતાવરણ રહેવાના કારણે આજે તાપમાનમા ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. અમદાવાદમાં પણ તાપમાન ગઈકાલે ૪૦.૮ની સરખામણીમાં ઘટીને ૩૮.૭ ડિગ્રી થયુ હતુ. જ્યારે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે ૪૦.૫ ડિગ્રીની સરખામણીમાં તાપમાન ઘટીને ૩૮ ડિગ્રી થઈ ગયુ હતુ. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ઘટતા કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી હતી. દિવસ દરમિયાન વાતાવરણમાં વાદળ છવાયેલા રહ્યા હતા જેથી ગરમીનો અનુભવ ઓછો રહ્યો હતો. જો કે વચ્ચેના ગાળામા તાપના લીધે લોકોને તકલીફ થઈ હતી. પરંતુ ગઈકાલની સરખામણીમાં સ્થિતિ રહી હતી. ગઈકાલે રાત્રે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. જેથી તાપમાનમા ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. આજે ઠંડક રહી હતી. શહેરના ઘણા ભાગો અને રાજ્યના પાટનગરમાં મોડી રાત્રે વરસાદી છાટા પડ્યા હતા. હાલમાં ૪૧ ડિગ્રી તાપમાન રહ્યા બાદ આજે એકા એક તાપમાન ઘટીને નીચી સપાટીએ જતા લોકોને રવિવારના દિવસે વધુ મોજ કરવાની તક મળી હતી. હવામાન ખાતે આગાહી કરતા જણાવ્યુ છે કે અમદાવાદમા આકાશ આંશિક રીતે વાદળ છાયુ રહેશે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

TVના રીમોટ મળશે
આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
દ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪ ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601